# જામ્યુકો દ્વારા વોર્ડ નં. ૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી, મેયરના હસ્તે ધ્વજવંદન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર મહાનગરપાલિકા દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની ગરિમામય ઉજવણી કરવામાં આવી હતી. નગરના મેયર વિનોદ ખીમસૂર્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવી તેને સલામી આપી હતી. વોર્ડ નં. ૬, રવિ પાર્કના કોમન પ્લોટમાં આયોજીત પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં મેયરે જામનગરમાં થયેલા વિકાસને વર્ણવ્યો હતો. સાથે સાથે ગુજરાત અને ભારતની પ્રગતિ વિશે પણ જણાવ્યું હતું. આ કાર્યક્ર ધારાસભ્ય દિવ્યેશ અકબરી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. કમિટીના ચેરમેન નિલેષ કગથરા, શાસક પક્ષના નેતા આશિષ જોષી, શિક્ષણ સમિતિના ચેરમેન અરસોત્તમ કકનાણી, નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, ચીફ ફાયર ઓફિસર કે.કે. વિશ્નોઈ, ઉપરાંત અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થીત રહ્યા હતાં અને રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી, જ્યારે શિક્ષણ સમિતી હસ્તકની શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં. શાળાઓના વિદ્યાર્થીઓએ ઓપરેશ સિંદૂર સહિતની કૃતિઓ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યાઃ ધારાસભ્ય દિવ્યેશ અકબરી, ડે. મેયર ક્રિષ્નાબા સોઢા, ચેરમેન નિલેશ કગથરા, આશિષ જોષી, પરસોત્તમ કકનાણી, નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, ફાયર ઓફિસર બિશ્નોઈ, અધિકારી-કર્મચારીગણ, રવિ પાર્ક ટાઉનશીપ સોસાયટીના પ્રમુખ, હોદ્દેદારો તથા નગરજનો અને  સ્થાનિકો ઉપસ્થિત રહ્યા

## દ્વારકાની ગોમતી નદીમાં ત્રિરંગો લહેરાયો



દ્વારકા : દ્વારકામા શ્રી ભડકેશ્વર યોગ ગૃપના ચેતનભાઈ જીંદાણી, જયેશભાઈ કક્કડ, બબુભા માણેક, પ્રેમ જોષી, ચેતન પંડ્યા, વૈભવ જટણીયા તથા આનંદ ભટ્ટ દ્વારા ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી પવિત્ર ગોમતી નદીમાં હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી, દેશ વાસીઓને દેશભક્તિનો તેમજ ફિટનનેસ સંદેશ આપી પ્રજાસત્તાક પર્વની ઉજવણી સાથે ગોમતી સ્નાન કરવા આવતા યાત્રિકો પણ આ તકે ભક્તિસાથે દેશભક્તિ રંગે રંગાયા હતા.

## દ્વારકાધીશ જગતમંદિર પર તિરંગા ધ્વજાનું આરોહણ



દ્વારકા : ૭૭ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ભારતભરમાં કરવામાં આવી હતી ત્યારે દ્વારકામાં પણ વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. ભારતના પશ્ચિમ ક્ષેત્રમાં બિરાજીત ભગવાન દ્વારકાધીશના જગત મંદિરના શિખર ૨૬ જાન્યુઆરીના દિવસે તિરંગા રંગની ધ્વજનું આરોહણ કરવામાં આવ્યું હતું. એવું પ્રતિક થતું હતું કે જાણે ભગવાન દ્વારકાધીશ તિરંગાના રંગે રંગાયા હોય.

## જામનગરમાં ઈટ્રા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આયુષ મંત્રાલય ભારત સરકાર હેઠળ કાર્યરત આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થા ITRA ખાતે પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.   સંસ્થાના ડાયરેક્ટર પ્રો. ડૉ. તનુજા નેસરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સમારોહમાં ધ્વજવંદન બાદ રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતનું સમૂહ ગાન કરવામાં આવ્યું હતું. ડૉ નેસરી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહી સૌએ એકમેકને ગણતંત્ર દિવસની શુભેરછાઓ પાઠવી હતી.

## માધાપર ભૂંગામાં યુવાને સગપણ તોડી નાખતા ચાર શખ્સોએ કર્યો હુમલો

જામનગર : જામનગર નજીક માધાપર ભૂંગા વિસ્તારમાં રહેતા એક યુવાને સગપણ તોડી નાખતા મંગેતરના ભાઈ સહિત ચાર શખ્સોએ હુમલો કાર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર નજીક માધાપુર ભુંગા વિસ્તારમાં રહેતા ઈકબાલ હુસેનભાઈ હુંદડા નામના ૨૧ વર્ષના વાઘેર યુવાને પોતાના ઉપર લાકડાના ધોકા વદે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે બેડી વિસ્તારમાં જ રહેતા ઓસમાણ ગની કકલ ઉપરાંત સમીર છરેચા અને તેના અન્ય બે સાગરીતો સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાને અગાઉ આરોપી ઓસમાણ ગનીની બહેન સાથે સગપણ કર્યું હતું, પરંતુ તે સગપણ તોડી નાખતાં તેનું મનદુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે. આ બનાવમાં પોલીસે હુમલો કરનાર ચારેય શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરના ન્યાય મંદિર ખાતે ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર જિલ્લા ન્યાય મંદિર ખાતે ડિસ્ટ્રીકટ જજ એમ.આર.જોષીના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક પર્વ ઉપર ધ્વજવંદનના કાર્યક્રમમાં અન્ય જજ તથા જામનગર બાર એસોશિએશનના પ્રમુખ ભરતભાઇ સુવા સહિતના વકીલો હાજર રહ્યા હતા.

## બાલા હનુમાન મંદિરે ભગવાનને ત્રિરંગા શ્રીંગાર

જામનગર : 'છોટીકાશી' જામનગરમાં તળાવની પાળે આવેલ અને અખંડ રામધૂનને કારણે વિશ્વ વિખ્યાત થયેલ શ્રી બાલા હનુમાન મંદિરે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ભગવાનને તિરંગાની થીમ પર શ્રીગાર કરવામાં આવ્યા હતાં. વાઘા, આભૂષણ તથા માલા તમામનાં મિશ્રણમાં કેસરી, સફેદ અને લીલા રંગનો ઉપયોગ કરવામાં આવતા શ્રદ્ધામાં જાણે દેશભક્તિનાં રંગ ઉમેરાયા હતા અને રામધૂનની ગૂંજ માં પણ જય હિન્દનો નાદ પણ પડઘાયો હતો.


તસવીર: સુનિલ ચુડાસમા

## જામ્યુકો સંચાલિત શાળાઓમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

જામનગર : ૭૭માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગરૂપે શાળા નંબર ૨૪,૪૬ અને ૩૯ ના સંયુક્ત ઉપક્રમે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં શાળા નંબર ૨૪ની પૂર્વ વિધાર્થિનીઓ દ્વારા તેમજ પ્રભારી બિમલભાઈ સોનછાત્રા વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી અપાઈ હતી તથા પ્રસંગને અનુરૂપ ઉદબોધન કરેલ હતું  તેમજ શાળાના બાળકો દ્વાચ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો અને સમગ્ર વાતાવરણ દેશ ભક્તિમય બની ગયું હતું. આ કાર્યકમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં શાળા નં.-૨૪ના આચાર્ય શ્રી અલ્પેશુભાઈ કટેશિયા શાળા નં. ૩૯ ના આચાર્ય અરવિંદભાઈ ડાભી તેમજ તમામ શિક્ષકગણ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શાળા નં. ૨૪ ૨૪ ની વિદ્યાર્થીનીઓ દ્વારા કર્યું હતું અને પ્રસંગ અનુરૂપ ઉદબોધન અલ્પેશભાઈ કટેસિયા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. શાળા નં ૩૯ના આચાર્ય અરવિંદભાઈ ડાભી દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.


તસવીર: સુનિલ ચુડાસમા

## જામનગર જિલ્લા પંચાયત દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી, પ્રમુખના હસ્તે ધ્વજવંદન


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ૭૭માં પ્રજાસતાક પર્વની ઉજવણી જિલ્લા પંચાયત જામનગરના પટાંગણમાં  મેયબેન ગરસર, પ્રમુખ જિલ્લા પંચાયત જામનગરના  હસ્તે રાષ્ટ્ ધ્વજ ફરકાવી સલામી આપી હતી. આ તકે હસમુખભાઈ કણઝારીયા, ઉપપ્રમુખ, વિરલ માકડિયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, કે બી છૈયા, ઈનચાર્જ કાર્યપાલક ઈજને, માર્ગ અને મકાન તેમજ બહોળી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસરે પ્રજાસત્તાક પર્વે એ જિલ્લાની જનતાએ શુભેચ્છા આપી હતી.અને દેશ અને રાજ્યની સાથે કદમ થી કદમ મીલાવીને જામનગર જિલ્લો પણ વિકાસની હરણફાળ ભરી રહ્યો છે.જિલ્લાના ગ્રામ્ય વિકાસમાં પણ છેવડાનાં માનવીને સરકારના વિકાસના કાર્યોનો લાભ મળે તે જરૂરી છે. જિલ્લામાં રોડ રસ્તા પીવાનું પાણી,આરોગ્ય જેવી જન સુવિધાઓના કામોને વેગવંતા કરવામાં આવ્યા છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને સુકા મેવા મનોરથ

દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યો હતો. મંગળવારના પીળા રંગના વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.



## સૈનિક સ્કૂલ બાલાચડીમાં ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી



જામનગર : જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વ ઉજવણી  ઉત્સાહ ભેર કરવામાં આવી હતી.  આ કાર્યક્રમમાં જામનગરના ૩૧ ઈન્ફન્ટ્રી બ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર અજીશ જોસેફ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સૈનિક સ્કૂલ બાલાચડીના પ્રિન્સિપાલ કર્નલ શ્રેયશ મહેતાએ તેમનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું હતું.

શહીદોને સમર્પિત યુદ્ધ સ્મારક શૌર્ય સ્તંભ પર મુખ્ય મહેમાન દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરીને ઉજવણીની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ભારતીય ત્રિરંગાને ફરકાવવામાં આવ્યો , ત્યારબાદ રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું અને કેડેટ્સ દ્વારા ભવ્ય માર્ચ-પાસ્ટ કરવામાં આવ્યું, જે શિસ્ત, ચોકસાઈ અને દેશભક્તિની ભાવનાને પ્રગટ કરે છે.

ધો. ૧૨ના કેડેટ અભયરાજે હિન્દીમાં અને ધોરણ ૯ના કેડેટ અંશ કુમારે અંગ્રેજીમાં પ્રજાસત્તાક દિવસના મહત્વ અને ઈતિહાસના ક્રાંતિકારના બલિદાન વિશે સુંદર રીતે તેમના વિચારો વ્યક્ત કર્યા આ કાર્યક્રમમાં  ઉપસ્થિત પ્રેક્ષકોએ એરોબિક્સ અને કેડેટ્સ દ્વારા માનવ પિરામિડ સહિત પ્રભાવશાળી પ્રદર્શન નિહાળ્યા. "સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા" ગીતના બ્યુગલો દ્વારા દેશભક્તિનું આનંદભેર વાતાવરણ બનાવી દીધું. બાલનિકેતન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ એરોબિક્સ પ્રદર્શન સુંદર રીતે રજૂ કર્યું, જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી. શાળાના પી.ટી. શિક્ષક મનુજ ચંબિયાલને તેમના આકર્ષક વર્ટિકલ રોપ ક્લાઈમ્બિંગ અને ફર્સ્ટ-ક્લાસ બીમનું અત્યંત સુંદર રીતે પ્રદર્શન કર્યું આ પ્રસંગે ઈન્ટર હાઉસ ડ્રીલ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તમામ માર્ચિંગ ટુકડીઓએ અસાધારણ બેરિંગ, ટર્નઆઉટ, માર્ચિંગ કૌશલ્ય, સલામી અને સંકલનનું પ્રદર્શન કર્યું. અને આ સ્પર્ધામાં આંગ્રે હાઉસ વિજેતા બન્યું અને મુખ્ય મહેમાન હસ્તે  ટ્રોફી એનાયત કરવામાં આવી.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિએ તેમના ભાષણમાં પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી અને દેશભક્તિના મહત્વ અને રાષ્ટ્ર પ્રત્યેના પોતાનાપણાની મજબૂત ભાવના પર પ્રકાશ પાડ્યો. તેમણે ભવ્ય માર્ચ-પાસ્ટ અને સુસંગઠિત કાર્યક્રમ માટે ઈનામ વિજેતાઓ અને કેડેટ્સને અભિનંદન આપ્યા. તેમણે સૈનિક સ્કૂલ બાલાચડીના કેડેટ્સને મહત્વપૂર્ણ શક્તિઓ અને શિસ્ત અને તાલીમ - જે તેઓએ જવાબદાર નાગરિક બનવા માટે તેમના જીવનભર જાળવી રાખવી જોઈએ. તે વિષય પર માર્ગદર્શન આપ્યું તેમણે કેડેટ્સને જરૂરિયાતમંદોને મદદ કરવા વિનંતી કરી અને પાસિંગ આઉટ થયેલા કેડેટ્સને અભિનંદન આપ્યા, અને તેમના ભવિષ્યના પ્રયાસોમાં સફળતાની શુભેચ્છા પાઠવી. આ ઉજવણીનું સમાપન ધોરણ ૧૨ની પાસિંગ-આઉટ પરેડ સાથે થયું, જે દરમિયાન મુખ્ય મહેમાન દ્વારા સલામી લેવામાં આવી, જે શાળા માટે એક ગર્વ અને યાદગાર ક્ષણ બની.

## એકયુપ્રેશર સુજોક તથા મેગ્નેટ પધ્ધતિનો પાંચ દિવસીય કેમ્પ

જામનગર : ખોડીયાર કોલોની, મયુર બંગલો માં એકયુપ્રેશર, સુજોક અને મેગ્નેટ પધ્ધતિનો પાંચ દિવસીય સારવાર કેમ્પ રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં ચીકનગુનિયા, જુના સાંધાનો દુખાવો, કમર દર્દ, પેટના રોગ, માઈગ્રેન, પેરેલાઈસ, બીપી, સુગર, જાડાપણું, આંખ, કાન, ગળુ અને દરેક બિમારીઓનો વગર દવા (હાથ પગની નાડીઓ દબાવીને) કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા મુળુભાઈ કંડોરીયા દ્વારા અનુરોધ કરવામાં આવે છે. કેમ્પ તા. ૨૯-૧-૨૦૨૬,ગુરૂવારથી તા. ૨-૨-૨૦૨૬ સોમવાર સુધી રહેશે. મયુર બંગલો, ક્રિસ્ટલ મોલની બાજુમાં, ખોડીયાર માતા મંદિર સામે, ખોડીયાર કોલોની મેઈન રોડ, જામનગર. આ કેમ્પમાં ડો. રામ મનોહર લોહીયા એકયુપ્રેશર આરોગ્ય જીવન સંસ્થાનના નિષ્ણાંત ડો. સુમનકુમાર, ડો. વિક્રમસિંહ, કુલદીપસિંહ સેવા આપશે.

## દ્વારકાની એનડીએ શાળાના આચાર્યને રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ પુરસ્કાર

દ્વારકા : ૭૭માં પ્રજાસત્તાક દિવસના શુભ અવસર પર , ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ દેવભૂમિ દ્વારકાના ભાણવડ ખાતે એક ગર્વ અને સન્માનજનક ક્ષણ ઉજવવામાં આવી, જ્યારે દ્વારકાની DNP અંગ્રેજી માધ્યમ શાળાના આચાર્ય મીનાક્ષીબેન ઠાકરને રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ આચાર્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ



પ્રતિષ્ઠિત પુરસ્કાર દેવભૂમિ દ્વારકાના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ એમ. તન્ના દ્વારા તેમના અનુકરણીય નેતૃત્વ, સમર્પિત સેવા અને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ ઉદારતાથી અર્પણ કરવામાં આવ્યો હતો. ઠાકરની શૈક્ષણિક શ્રેષ્ઠતા, મૂલ્ય-આધારિત શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાએ સંસ્થા અને સમગ્ર શૈક્ષણિક સમુદાય માટે ખૂબ જ ગૌરવ લાવ્યું છે. પ્રજાસત્તાક દિવસે આ સન્માન પ્રાપ્ત કરવાથી આ પ્રસંગ વધુ યાદગાર અને પ્રેરણાદાયક બન્યો. આ સિદ્ધિ તેમના અતૂટ સમર્પણ અને દૂરંદેશી અભિગમનો પુરાવો છે, અને તે ખરેખર DNP અંગ્રેજી માધ્યમ શાળા, દ્વારકા માટે એક માનનીય અને ગર્વની ક્ષણ હતી.

## દ્વારકાધીશ મંદિરે યાત્રિકોની સુવિધા માટે પાંચ ઈ રીક્ષાનું ડોનેશન




દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં દ્વારકા જગત મંદિરે દેશ વિદેશથી હજારો ભાવિકો દ્વારકાધીશના દર્શને આવતા હોય છે. જેમાં વિકલાંગો વૃદ્ધો બાળકો આવતા હોય વાહનો પાર્કિંગમાં પાર્ક કરવામાં આવતા હોય છે. ત્યાંથી તેઓને મંદિરે જવામાં સરળતા પડે તે માટે મંદિરે ગઈકાલે શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે મંદિરના પૂજારી નેતાજી નિર્ભયરામની પ્રેરણાથી અદાણી ફાઉન્ડેશન દ્વારા મંદિરે આવનાર યાત્રિકોની સુવિધા માટે પાંચ ઈ રીક્ષાનું ડોનેશન આપવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)